## આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં સંયુક્ત ઉપક્રમે આદર્શ પશુપાલન વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

---------------------------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં સંયુક્ત ઉપક્રમે **આદર્શ પશુપાલન** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત તેમજ દીપ પ્રાગટ્ય થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રનાં વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની **સંશોધન તેમજ વિસ્તરણની** વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. આર. રાધરાણી** દ્વારા આદર્શ પશુપાલન, **ડૉ. સી. જે. પટેલ** દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધર્તિ , **ડૉ. એ. વાય. માકાણી** દ્વારાં ગાસચારાની વિવિધ જાતોની સમજણ, **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા સાઈલેજ બનાવવાંની પદ્ધતિ અને તેના ફાયદા અને **ડૉ. એકતા પંડ્યા** દ્વારા પ્રાયોગિક રૂપે દૂધની વિવિધ બનાવટો વિષે સમજણ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.

